॥ तमसो मा ज्योतिर्गमय ॥

Prakash College of Education

NAAC ACCREDITED 'B' GRADE

પ્રકાશપૂંજ

(2014 - 15)

શ્રી મોતીભાઈ આર. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી

શ્રી નરેશ એમ. પટેલ
ટ્રસ્ટીશ્રી

ડૉ. અશ્વિનભાઈ ડી. શાહ
આચાર્યશ્રી

M. R. Patel Educational Campus
Nr. Cambay Five Star Hotel, S.G. Highway, Thaltej, Ahmedabad - 380 054.
Phone : (079) 27435195, Email : prakashcollegeofeducation@yahoo.in
Web : www.prakash-college.org.in

સંગીત ખુરશી સ્પર્ધા

સાયકલ સ્પર્ધા

Pinkathone

Workshop on new era of Education

દોડ સ્પર્ધા

સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી

મહેંદી સ્પર્ધા

રંગોળી સ્પર્ધા

॥ तमसो मा ज्योतिर्गमय ॥

Prakash College of Education

NAAC ACCREDITED 'B' GRADE

પ્રકાશપૂંજ

(2014 - 15)

શ્રી મોતીભાઈ આર. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી

શ્રી નરેશ એમ. પટેલ
ટ્રસ્ટીશ્રી

ડૉ. અશ્વિનભાઈ ડી. શાહ
આચાર્યશ્રી

M. R. Patel Educational Campus
Nr. Cambay Five Star Hotel, S.G. Highway, Thaltej, Ahmedabad-380 054.
Phone : (079) 27435195, Email : prakashcollegeofeducation@yahoo.in
Web : www.prakash-college.org.in

સંપાદકીય

પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનની ગૌરવગાથાનું રસપાન કરાવતો વાર્ષિક અંક ''પ્રકાજપૂંજ'' આપના હસ્ત કમળમાં મુકતા આનંદ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ.

ગુજરાત યુનિવર્સિટીની વિશાળ વટવૃક્ષની એક હરિયાળી અને સૌરભવંતી શાખા એટલે પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન કે જે ૧૯૬૧નાં વર્ષથી શ્રેષ્ઠ શિક્ષકોના ઘડતરનું કાર્ય કરી રહી છે.

તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસમાં લેખન પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત-ગમતની પ્રવૃત્તિઓ મહત્વનો ભાગ ભજવે છે. તાલીમાર્થીઓની સર્જનાત્મક શક્તિનીઅભિવ્યક્તિનો આ એક નમ્ર પ્રયાસ છે.

વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન પ્રશિક્ષણાર્થીનાં જ્ઞાનની સતત સરવાણી કરતી પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનનું લક્ષ્યાંક સમાજનાં કેળવણીલક્ષી વિકાસ અર્થે તાલીમાર્થીઓને કેન્દ્રસ્થાને રાખી શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર કેળવણી પૂરી પાડવાનું કાર્ય કરેલ છે. તાલીમાર્થીઓ પોતાના વિચારોને યોગ્ય અભિવ્યક્તિ આપી શકે અને તેનામાં રહેલાં આંતરિક વ્યક્તિગત ગુણોને વિકસાવવાની તક મળી રહે તે માટે પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા સઘન પ્રયત્નો આદરવામાં આવે છે. તાલીમાર્થીનાં જ્ઞાનમાં વધારો થાય તેવા પ્રયત્નો સંસ્થા કરી રહી છે. જેની વિગતો ''પ્રકાશપૂંજ'' માં રજૂ કરેલ છે. સંસ્થા તાલીમાર્થીઓ અને સમાજ પ્રત્યેની જવાબદારી અને જાગૃતિ પ્રસ્થાપિત કરી નામાંકિત શૈક્ષણિક સંસ્થા તરીકે નિખરવાના ધ્યેય સાથે આગળને આગળ હરણફાળ ભરી રહી છે. વર્ષ દરમ્યાન સોનેરી સંસ્મરણો ''પ્રકાશપૂંજ''માં સમાવતા સંપાદક સમિતિ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનની વિવિધ પ્રવૃત્તિઓમાં આચાર્ય શ્રી ડૉ. એ.ડી. શાહ સાહેબ, સર્વે પ્રાધ્યાપકો તથા બિનશૈક્ષણિક સ્ટાફ તરફથી પ્રાપ્ત થયેલ અનન્ય સહકાર બદલ માર્ગદર્શકો તેમજ સંપાદક સમિતિ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

માર્ગદર્શક :
- ડૉ. જે. પી. મુલરાજાની
- પ્રો. આઇ. કે. મહેરિયા
- પ્રો. જે. એસ. પટેલ

સંપાદક સમિતિ :
- પટેલ નિકુંજ
- દવે પૂજા
- ગામેતી રીપલ
- સોંદરવા નિકીતા
- પટેલ સોનલ

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાના નંબર
1.	દૈનિક પ્રાર્થના	1
2.	Vision and Mission of the Institute	4
3.	શુભેચ્છા સંદેશ	6
4.	Blessings of Managing Trustee	10
5.	Voice of Trustee	11
6.	આચાર્યશ્રીનું નિવેદન	13
7.	પ્રકાશ પરિવાર	14
8.	List of committee	15
9.	સ્મરણિકા	18
10.	Workshop : New Era of Education	23
11.	નંદોત્સવ	24
12.	સ્વાતંત્ર્ય દિનની ઉજવણી	25
13.	જ્ઞાન સપ્તાહ ઉજવણી	26
14.	IIM / Blind People's Association visit Report	27
15.	સંધાન	29
16.	ઉદિશા	30
17.	સંવેદના	31
18.	About SCOPE	32
19.	સ્વર્ણિમ સપ્તધારા	34
20.	અધ્યાપકોના લેખ	35
21.	પ્રવેશ પરિણામ	39
22.	પ્રશિક્ષણાર્થીઓની યાદી	40
23.	પ્રશિક્ષણાર્થીઓના લેખ	41
24.	BAOU કેન્દ્રના શુભેચ્છક પ્રશિક્ષણાર્થીઓ	62
25.	BAOU કેન્દ્રના પ્રશિક્ષણાર્થીઓની યાદી	63
24.	પ્રકાશપૂંજના શુભેચ્છકો	64

દૈનિક પ્રાર્થના

સરસ્વતી વંદના

या कुन्देन्दु तुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।
या ब्रह्माच्युतशंकरप्रभूतिभि दैवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ॥

જે મોગરાનાં પુષ્પ, ચંદ્ર, હિમ અને મોતીના હાર જેવી શુભ છે, જે શ્વેત વસ્ત્રો ધારણ કરનારી છે, જેના હાથ વીણા, વરમુદ્રા અને વીણાદંડથી શોભી રહ્યા છે, જે શ્વેત કમળ પર બિરાજમાન છે, જેને બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે દેવો હંમેશા વંદન કરે છે, તે સંપૂર્ણ પણે જડતાને હરી લેનારી, કલ્યાણકારી, દેવી સરસ્વતી મારી રક્ષા કરો.

ગુરુવંદના

गुरुर्ब्रह्मा गुरुविष्णु गुरुदेवोमहेश्वराः
गुरुसाक्षात् परब्रह्मः तस्मै श्री गुरुवे नमः ॥

ગુરુ એ જ બ્રહ્મા છે, ગુરુ એ જ વિષ્ણુ છે, ગુરુ એ જ પરમદેવ મહેશ્વર છે.
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ છે. તેથી હું ગુરુદેવને વંદન કરું છું.

શાંતિ વંદના

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्य करवावहै ।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

તે (પરમાત્મા) અમને બે ને સાથે જ રક્ષો. તે અમને બેને સાથે સુખ પ્રાપ્ત કરાવો.
બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનું સામર્થ્ય અમે બે સાથે પ્રાપ્ત કરીએ.
અમે બંને જે કંઈ અધ્યયન કર્યું હોય તે પ્રકાશમય થાઓ.
અમે બંને પરસ્પર દ્વેષ ન કરીએ. સર્વત્ર શાંતિ પ્રસરી રહો.
ૐ શાંતિ, શાંતિ, શાંતિ.....

સોમવાર

માઁ સરસ્વતી તેરે ચરણો મેં

માઁ સરસ્વતી તેરે ચરણોમેં હમ શીશ નમાને આયે હૈ (૨)
દર્શન કા અમૃત પીને દો નયન સહારે આયે હૈ
માઁ સરસ્વતી તેરે ચરણો મેં....

અજ્ઞાન અંધેરા દૂર કરો ઔર જ્ઞાન કા દીપ જલા દેના
હમ જ્ઞાન કી ભીક્ષા લેને કો માઁ દ્વાર તિહારે આયે હૈં (૨)
માઁ સરસ્વતી તેરે ચરણો મેં....

માઁ સાંજ સવેરે ગુણ ગાયે, માઁ ભક્તિ જ્યોત જલા દેના
ક્યા ભેટ કરૂં ઉપહાર નહિ, હમ હાથ પસારે આયે હૈ (૨)
માઁ સરસ્વતી તેરે ચરણો મેં....

મંગળવાર

ઓમ્ તત્ સત્ શ્રી

ઓમ્ તત્સત્ શ્રી નારાયણ તુ, પુરુષોત્તમ ગુરૂ તુ
સિદ્ધ બુદ્ધ તુ સ્કંદ વિનાયક, સવિતા પાવક તું (૨)

બ્રહ્મ મજૂદ તુ યહવ શક્તિ તુ, ઈશુ પિતા પ્રભુ તુ,
રુદ્ર વિષ્ણુ તુ, રામકૃષ્ણ તુ, રહિમ તાઓ તુ (૨)

વાસુદેવ-ગો-વિશ્વરૂપ તુ, ચિદાનંદ હરિ તુ,
અદ્વિતિય તુ, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તુ (૨)

ઓમ્ તત્સત્.....

બુધવાર

ઈતની શક્તિ હમે

ઈતની શક્તિ હમે દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હોના,
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હોના
ઈતની શક્તિ...

દૂર અજ્ઞાન કે હો અંધેરે, તુ હમે જ્ઞાન કી રોશની દે
હર બુરાઈ સે બચતે રહે હમ, જીતની ભી દે ભલી જીંદગી દે
બૈર હોના કીસી કા કીસી સે, ભાવના મનમેં બદલે કી હોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલકર ભી કોઈ ભૂલ હોના
ઈતની શક્તિ...

હમ ન સોચે હમે ક્યા મિલા હૈ, હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ,
ફૂલ ખુશિયો કે બાંટે સભી કો, સબકા જીવન હી બન જાયે મધુવન,
અપની કરુણા કા જલ તુ બહાકે, કર દે પાવન હરેક મનકા કોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલકર ભી કોઈ ભૂલ હોના
ઈતની શક્તિ...

ગુરૂવાર

તેરી આરાધના કરુ

તેરી આરાધના કરૂ, (૨)
પાપ ક્ષમા કર જીવન દે દયા કી યાચના કરૂ...
તેરી આરાધના કરુ

તુ હી મહાન સર્વ શક્તિમાન,
તુ હી હૈ મેરે જીવન કા સંગીત
હૃદય કે તાર છેડે ઝંકાર (૨)
તેરી આરાધના હૈ મધુર ગીત
જીવન સે તેરે મેં મહિમા પાઉં, એક હી કામના કરુ,
પાપ ક્ષમા કર જીવન દે દયા કી યાચના કરુ
તેરી આરાધના કરુ

સૃષ્ટિ કે હર એક કણ કણ મેં
છાયા હૈ તેરી મહિમા કા રાગ
પક્ષી ભી કરતે હૈ તેરી પ્રશંસા (૨)
ગાકર સુનાતે હૈ જીવન કા રાગ
જીવન સે તેરે મૈં મહિમા પાઉં, એક હી કામના કરુ
પાપ ક્ષમાકર જીવન દે દયા કી યાચના કરુ...
તેરી આરાધના કરુ

શુક્રવાર

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે.... ૧

ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારૂં નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે... ૨

દીન ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે... ૩

માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરૂં ... ૪

માનવતાની ધર્મ ભાવના હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરના પાપ ત્યજીને મંગલ ગીતો રેલાવે... ૫
મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું....

શનિવાર

તુમ્હી હો માતા

તુમહી હો માતા, પિતા તુમહી હો
તુમહી હો બંધુ, સખા તુમહી હો

તુમહી હો સાથી, તુમહી સહારે,
કોઈના અપના સિવા તુમ્હારે
તુમહી હો નૈયા, તુમહી ખેવૈયા
તુમહી હો બંધુ સખા તુમહી હો

જો ખીલ સકે ના વો ફૂલ હમ હૈ
તુમહારે ચરનોકી ધૂલ હમ હૈ
દયા કી દ્રષ્ટિ સદા હી રખના
તુમહી હો બંધુ સખા તુમહી હો

તુમહી હો માતા...

વંદે માતરમ્

વંદે માતરમ્, વંદે માતરમ્,
સુજલામ્, સુફલામ્, મલયજ શીતલામ્
શસ્ય શ્યામલામ્, માતરમ્.... વંદે માતરમ્.
શુભ્ર જ્યોત્સના પુલકિતયામિનીમ્,
ફુલ્લકુસુમિત દ્રુમદલ શોભિનીમ્,
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્,
સુખદામ્, વરદામ્ માતરમ્...
વંદે માતરમ્ વંદે માતરમ્...

- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

રાષ્ટ્રગીત

જન-ગણ-મન અધિનાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા
પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ ઉત્કલ બંગા
વિંધ્ય - હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ-જલધિતરંગ
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા
જનગણ-મંગલદાયક જય હે !
ભારત ભાગ્ય વિધાતા,
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે.

- રવિન્દ્રનાથ ટાગોર

Prakash College of Education

Vision

To prepare committed, competitive and creative teachers to provide educational leadership and meet upcoming global changes in teaching learning.

Mission

- To Provide opportunities to student teachers to organize various curricular and co-curricular activities in the institution and at practice teaching schools.

- To motivate student teachers to learn each topic by heart and get more knowledge in all at the subjects of curriculum and practical activities.

- To inspire student teachers to think creatively for planning and organizing curricular and co-curricular activities.

- To provide occasions to student teacher to take leading role in teaching learning process, co-curricular activities, programs held in the institution and at practice teaching schools.

- To make student teachers aware about new innovations and researches in the field of the teaching learning to face the global challenges.

Values

- Equality
- Commitment
- Excellence
- Integrity
- Appreciation
- Cooperation
- Creativity
- Flexibility
- Honesty

Prakash College of Education

Objectives

- To develop positive attitude among the student-teachers towards teaching profession.
- To establish and develop the skills of teaching among the student teachers.
- To use and promote modern educational technology in the classroom teaching.
- To create social and national sensitization among the student teachers through community work.
- To develop a healthy as well as critical attitude towards development of mental, physical and moral upliftment of the student teachers and those connected with the institution.
- To inculcate values like truthfulness, punctuality, co-operation, forgiveness, integrity, time management, patriotism, cultural and social values, excellence in all work among the student teachers.
- To develop the educational leadership quality among student teachers.
- To develop comprehensive personality.
- To bring out, encourage and develop the inventive and research faculties of the student teachers and to offer opportunity for research work.

apro/Jg/2015/01/02/Np

તા. ૦૨-૦૧-૨૦૧૫

સંદેશ

વિદ્યા વિનયથી શોભે, જ્ઞાન શક્તિ એટલે કેળવણી, શિક્ષા અને શક્તિ એટલે જ્ઞાનની તાકાત. પ્રભાવી શિક્ષણના પાયામાં બાળકોની કેળવણીને મુખ્ય આધારસ્તંભ માન્યો છે. શિશુવયથી માંડી તરૂણ યુવાન વિદ્યાર્થીના માનસમાં કોઇપણ વસ્તુ પરાણે નહિ પણ પ્રેમપૂર્વક, સમજણપૂર્વક રોપાય તે જરૂરી છે. શિક્ષક અથવા અધ્યાપક દ્વારા મદદનીશ અને માર્ગદર્શક બનીને પીરસાતું જ્ઞાન અને સંસ્કાર વિદ્યાર્થીની ભાવિ જિંદગીને ઉજળી બનાવી અને ઉચ્ચ કક્ષાએ બેસાડવાનું સામર્થ્ય ધરાવે છે.

પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન ભાવિ શિક્ષકોને તાલીમ આપતી ગ્રાન્ટેડ બી. એડ. કોલેજ દ્વારા વિવિધ શિક્ષણ અને સાહિત્યલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે સારી બાબત ગણાય. કોલેજ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પ્રકાશિત થનાર **વાર્ષિક અંક 'પ્રકાશપુંજ'**ની સફળતા માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

આનંદીબેન

(આનંદીબેન પટેલ)

To,
Shree A. D. Shah, *Principal,*
Prakash College of Education,
Nr. Gulab Tower, Sola Road,
Ahmedabad-54.
E-mail : prakashcollegeofeducation@yahoo.in

આનંદીબેન પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ક્રમાંક : શિઅન-પુ.ગા.વિ.પ્રો./ /૨૦૧૪

મંત્રી,
શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી,
ગુજરાત સરકાર, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ : 19 JAN 2015

શુભેચ્છા સંદેશ

પ્રકાશ કોલેજ ઓફ એજયુકેશન, અમદાવાદ દ્વારા " **પ્રકાશકુંજ** " વાર્ષિક અંક પ્રકાશિત થનાર છે, જે જાણી હર્ષની લાગણી અનુભવું છું.

' શિક્ષણ એ મનુષ્યજીવનના વિકાસની પ્રણાલી છે અને શાળા એ શિક્ષણ મંદિર છે ' જયાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું જતન થાય છે. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ થકી વિદ્યાર્થીઓનું અને રાષ્ટ્રનું ઘડતર કરે છે. દેશના અને રાજયના વિકાસમાં શિક્ષિત સમાજ દ્રઢતાથી આગળ વધે છે. આધુનિક યુગમાં ગુણવતાયુકત શિક્ષણ હોવુ એ આજના સમયની માંગ છે. સરકાર, સમાજ અને સંસ્થાઓ પ્રતિબધ્ધ બને અને તે માટે વ્યકિતનાં ઘડતરનું કામ સૌ સાથે મળી કરવુ જરૂરી છે. પ્રસિધ્ધ થઈ રહેલ" **પ્રકાશકુંજ** " અંકમાં વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃતિઓ ઉપરાંત વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા લખવામાં આવેલ લેખ કાવ્ય પ્રકાશિત હશે. જે સૌના માટે યાદગાર સંભારણું બની રહેશે. પ્રસિધ્ધ થઈ રહેલ" **પ્રકાશકુંજ** " અંક માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

(ભૂપેન્દ્રસિંહ ચુડાસમા)

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રકાશ કોલેજ ઓફ એજયુકેશન,
મોતીભાઈ આર.પટેલ એજયુકેશનલ કેમ્પસ,
કેમ્બે ફાઈવસ્ટાર હોટલ નજીક, ગુલાબ ટાવર રોડ,
અમદાવાદ–૩૮૦૦૫૪

કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૧૬ થી ૨૩૨૫૦૧૧૯, ૨૩૨૩૮૦૭૬, ૨૩૨૪૩૩૮૯ ફેકસ : ૨૩૨૫૦૧૨૦
નિવાસ સ્થાન : બંગલા નંબર-૧૦, માન. મંત્રીશ્રી નિવાસસ્થાન સંકુલ,
ફોન : (રહે.) ૦૭૯-૨૩૨૫૩૬૦૦ થી ૨૩૨ ૫૯૬૦૩, ૨૩૨૨૨૬૧૭, ૨૩૨૨૫૯૫૫
E-mail : min-education@gujarat.gov.in

૬૫૩૯-/૨૦૧૮

પ્રો. વસુબેન ત્રિવેદી

કમાંક : રા.ક પંચ. અને બા.(સ્વ.સ.),ઉ. અને ટે. શિ. /૨૦

કચેરી (૦૭૯) ૨૩૨૫૦૧૬૫, ૨૩૨૫૦૨૯૨ (ફેક્સ)

રાજ્ય કક્ષાના મંત્રી,

મહિલા અને બાળ વિકાસ (સ્વતંત્ર હવાલો),

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,

સ્વર્ણિમ સંકુલ-૨, ત્રીજો માળ,

ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ : 2 JAN 2015

શુભેચ્છા સંદેશ

શ્રીમાન,

પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા સંસ્થાનું મુખપત્ર "પ્રકાશકુંજ" પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યુ છે તે પ્રશંસનીય છે.

સંસ્થાનુ મુખપત્ર સંસ્થાની પ્રવૃત્તિઓ ઉપરાંત તેની પ્રતિભાનું પ્રતિબિંબ છે. અધ્યાપકોની સંશોધન, સંવેદના અને વિદ્યાર્થીઓની સર્જકતાનું પ્રતિબિંબ સંસ્થાનું મુખપત્ર છે. આવતીકાલના નાગરીકોના ઘડતર માટે શિલ્પીઓ તૈયાર કરતી આપની સંસ્થા ૧૯૬૧ થી પ્રશંસનીય કામગીરી કરી રહેલ છે આ સાતત્યપુર્ણ કામગીરી વ્યવસ્થાકોની નિષ્ઠા, અધ્યાપકોનો પુરુષાર્થ અને વિદ્યાર્થીઓની જીજ્ઞાસાનું પરિણામ છે.

આ પ્રસંગે "પ્રકાશકુંજ" ના પ્રકાશન માટે કાર્યરત સૌ કોઇને અભિનંદન પાઠવું છુ તેમજ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે શુભેચ્છા પાઠવું છું.

હાર્દિક શુભેચ્છાઓસહ

(પ્રો. વસુબેન ત્રિવેદી)

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન,

ગુલાબ ટાવર પાસે,

સોલારોડ,

અમદાવાદ-૫૪

GUJARAT UNIVERSITY
Navrangpura, Ahmedabad-380 009. (India) **Phone :** (079) 2630 1919, 2630 1444
Fax : (079) 2630 2654, **Website :** www.gujaratuniversity.org.in
E-mail : mrpatel0106@gmail.com, vc@gujaratuniversity.ac.in, vcgu2013@gmail.com

Dr. M. N. Patel
Vice-Chancellor

NAAC Accredited B++

MESSAGE

It gives me immense pleasure in knowing that Prakash college of Education is publishing a Magazine 'PRAKASHPUNJ' to cover the various activities done by the students and staff members of the College. This has become a yearly occasion to celebrate the essence of College.

Prakash College of Education has been constantly engaged in providing superior training to teachers of future and I appreciate their constant dedication to this cause. This magazine is a mirror of student and staff's activities including their extra-curricular talents. Such initiatives are successful under the able guidance of the principal and dedicated contributions of Staff.

I congratulate and appreciate the efforts of the Principal, Teaching and Non Teaching Staff and students, who have taken utmost care and shown great eagerness as always to publish this issue and make this a success.

I wish all the success to this publication.

Best wishes,

Dr. M.N. Patel

મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનું નિવેદન

શ્રી મોતીભાઈ આર. પટેલ
(મેનેજીંગ ટ્રસ્ટીશ્રી)
પ્રકાશ કૉલેજ ઓફ એજ્યુકેશન ટ્રસ્ટ
કેમ્બે ફાઈવસ્ટાર હોટલની પાસે,
થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૪.

શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે ઘણા વર્ષોથી કાર્ય કરતી અમારી આ સંસ્થાના 'મુખપત્ર' 'પ્રકાશપૂંજ' ના પ્રકાશન સમયે હર્ષની લાગણી અનુભવું છું.

છેલ્લા દસકામાં સંસ્થા દ્વારા ઘણી બધી સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે. સંસ્થા પાસે યોગ્ય લાયકાત ધરાવતો સ્ટાફ, ભૌતિક સુવિધાઓથી સંપન્ન વર્ગખંડ, NAAC Accrediated સંસ્થા, પુસ્તકોથી સજ્જ પુસ્તકાલય, આ ઉપરાંત ખાસ સંસ્થાના ઉચ્ચ પરિણામ ઘણા વિદ્યાર્થી યુનિવર્સીટી કક્ષાએ ક્રમ મેળવે છે. ઘણા વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ પણ મેળવેલ છે. સંસ્થાના ઘણા વિદ્યાર્થીઓ સારી સંસ્થામાં કાર્ય કરી રહ્યા છે. તેનો સંપૂર્ણ શ્રેય સંસ્થાના આચાર્ય અને અધ્યાપકમિત્રોને જાય છે.

સંસ્થા દ્વારા બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. નું કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત SCOPE ના વર્ગો પણ લેવાય છે. આ ઉપરાંત રાજ્ય સરકાર ના ઘણા બધા કાર્યક્રમોને કાર્યાન્વિત કરવામાં આવ્યા છે.

સંસ્થાના આચાર્ય, અધ્યાપકમિત્રો અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પણ વર્કશોપ, સેમીનાર, રિફ્રેશર કોર્ષ વગેરેમાં ભાગ લઈ પોતાની સજ્જતા વધારી રહ્યા છે. સૌને અભિનંદન....

આ પ્રકાશપૂંજનો વાર્ષિક અંક સમાજમાં સંસ્થાની વધારે સુવાસ ફેલાવે તેવી શુભકામના.....

Naresh Patel
(Trustee)
Prakash College of Education
Florescent Public School
Thaltej, Ahmedabad.

कभी ना कभी सफलता तो मिलेगी....

क्या बात है ? क्या कारण है ?

सब पा कर भी तुमने कभी किसी को तृप्त होते देखा ? पूछो अरबपतियो से, पूछो सिकंदरो से, हिटलरों से । तुमने कभी उन्हें तृप्त देखा ? कभी तुमने उनके आसपास ऐसा भाव, ऐसी हवा देखी, जो खबर देती हो कि सब मिल गया ?

उलटी ही हालत है। जितना तुम ऐसे लोगो के करीब जाओगे, उतना ही पाओगे, उन की दरिद्रता बड़ी है। उनका भिक्षापत्र बड़ा हो गया है, वे और मांग रहे है। नवखंड काफी नहीं है। चारों युगो की उम्र पर्याप्त नहीं है। उनकी मांग, जो भी मिल जाए, उससे बड़ी है। उनका अभाव अनंत है। वह भरा नहीं जा सकता। उसे भरने का कोई उपाय नहीं। उनकी तृष्णा दुष्पूर है, उनकी चाह की कोई सीमा नहीं है। वह जो भी मिल जाता है, चाह आगे चली जाती है।

चाह आगे ही चलती जाती है। चाह तुमसे मीलों आगे चलती है। तुम जहां जाते हो, वह तुमसे पहले पहुंच जाती है । और जितना ज्यादा तुम्हारे पास होता है, उतना ही तुम्हें एहसास होने लगता है कि तुम किसी गलत मार्ग पर चल रहे हो। क्योंकि तृप्ति तो मिलती ही नहीं। लौट भी नहीं सकते। क्योंकि अहंकार कहता है, कहां लौटकर जाते है।

दो भिखमंगे एक झाड़ क नीचे विश्राम कर रहे थे। और एक भिखमंगा रो रहा था, शिकायतें कर रहा था। जब सम्राट रोते है और शिकायतें करते है, तो बिचारा भिखमंगा ! वह कह रहा था, यह भी कोई जीवन है। आज इस गांव, कल उस गांव। बिना टिकट सफर करो। कहीं भी उतार दिए जाओ। जो देखो वही उपदेश दे; मांगो रोटी, मिले उपदेश। जो देखो वही कहे, भले-चंगे हो, जाओ काम करो। हर जगह अपमान, हर जगह निंदा, यह भी कोई जीवन है ? और खदेड़े जाते है हर जगह से। पुलिस वाले सदा पीछे खड़े है। जहां सोओ वहीं से उठाए जाओ, रात पूरी नींद भी एक जगह नहीं ले सकते।

तो दूसरे ने कहा, तो फिर तुम यह काम छोड़ ही क्यों नहीं देते ? उसने कहा, क्या ? क्या मैं स्वीकार कर लूं कि मैं असफल हो गया ?

भिखमंगा भी स्वीकार कर नहीं सकता कि वह असफल हो गया है। तो करोड़पति तो कैसे स्वीकार करे ? तो राजनीतिज्ञ तो कैसे स्वीकार करे कि असफल हो गया है ? नहीं, वह कहता है, सिद्ध कर के रहूंगा। हालांकि आज तक कोई भी सिद्ध न कर पाया। नहीं तो महावीर, बुद्ध, नानक सब मूढ़ हैं। कोई भी सिद्ध नहीं कर पाया कि मिलने से कुछ मिलता है। लेकिन अहंकार पीछे नहीं लौटना चाहता। अहंकार कहता है, और आगे बढ़ो। शायद थोड़ी ही दूर हो मंजिल। कौन जानता है ? दो कदम और। आशा का जाल फैलता चला जाता है। और अहंकार पीछे नहीं लौटने देता, आशा आगे की तरफ खींचती है। आशा भविष्य का रास्ता बनाती जाती है। अहंकार कहता है, इतने चल आए, और अब तक कभी स्वीकार न की कमजोरी कि हम गलत मार्ग पर है, अब कैसे स्वीकार करो ? ढांक लो, छिपा लो, किसी तरह चलते जाओ। कभी सफलता मिलेगी ही निशित।

Good things come in small packages and so was my experience when I saw the achievements of Prakash College of Education. Arduous efforts, tenacious determination, dexterity of student and staff made it more knowledgeable and progressive.

I always believe in building self confidence, ability to use knowledge in practice competence and curiosity to learn more are really important qualities that we can give to our children.

Academics alone is not our aim but to create good and thinking individuals with a right and positive attitude and also equip them to face real life situations.

I wish all the best to the institution.

આચાર્યશ્રીનું નિવેદન

પ્રિ. ડૉ. અશ્વિનભાઈ ડી. શાહ
પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન
કેમ્બે ફાઈવસ્ટાર હોટલની પાસે,
થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૪.

પ્રકાશ કૉલેજ ઓફ એજ્યુકેશન એક ઐતિહાસિક અને અવિસ્મરણીય વિદ્યાનું તીર્થધામ – સંસ્કારતીર્થ છે. પાંચ દાયકાથીએ વધુ એવી સંસ્થાની તેજોમય તવારીખ સંસ્થાનો ઉજ્જવળ અને ગૌરવાન્વિત ઈતિહાસ છે. "પ્રકાશ"નો પરિવાર તેજ વલયોની જેમ વિસ્તરતો જાય છે. ૨૧ મી સદીને અનુરૂપ શૈક્ષણિક પ્રયોગો દ્વારા અમે તાલીમાર્થીઓને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર આપવા પૂરતા પ્રયત્નો કરીએ છીએ. સાથે–સાથે જીવન જીવવાનું શિક્ષણ પણ આપીએ છીએ.

એક મહાન જૈન ગુરુને તેના એક શિષ્યએ એક દિવસ કહ્યું "હું તમારી પાસે ત્રણ વર્ષ કરતા અધિક સમયથી રહ્યો છું. છતાં તમે મને કંઈ શીખવ્યું નથી, ગુરુજી મારું શિક્ષણ ક્યારે શરૂ થશે ? આ સાંભળી ગુરુજી હસ્યા અને કહ્યું – "તું શું વાત કરે છે ? અરે, ત્રણ વર્ષ, દિવસ અને રાત સતત એકધારું હું તને શીખવ્યા કરું છું, શિક્ષણ આપું છું અને તું કહે છે કે તારું શિક્ષણ ક્યારે શરૂ થશે ?" 'જી' શિષ્ય સમજ્યો નહીં. જ્યારે તું કંઈ પણ કામ કરે ત્યારે આભાર નથી માનતો ? આશીર્વાદ નથી આપતો ? આ ત્રણ વર્ષમાં શું તે મારી આંખોમાં દૃષ્ટિ નથી કરી ? ત્યાં તને જીવનનું ગૂઢ રહસ્ય, અનુકંપા, સંવેદના નથી દેખાતા ? તુ ક્યા શિક્ષણની વાત કરે છે ? શિષ્ય મૌન રહી સાંભળી રહ્યો. હું તને રાત–દિવસ શિક્ષણ આપતો જ રહ્યો છું. **The teacher is always teaching round the clock. The teacher never gets tired and retired. He/She always teachers by his / her own behaviour, actions and manners what he/she says he/she does.**

શાળામાં કે વર્ગખંડોમાં જ્યારે હું સમયસર જાઉં છું તો બાળકને ક્યારેય સમયપાલન કે નિયમિતતાના પાઠ શીખવવાની જરૂર નહીં પડે ! વર્ગખંડમાં જ્યારે કોઈ પ્રશ્નનો જવાબ મને આવડતો નથી ત્યારે "સોરી હું જાણતો નથી, આવતી કાલે તમને હું કહીશ" આ વ્યવહારથી બાળકો સત્ય પ્રિયતાના પાઠ આપોઆપ શીખશે.

"સ્વચ્છતા, શિસ્ત, નમ્રતા, પ્રેમ, દયા, કરુણા, સેવા આ બધી જ બાબતોમાં શિક્ષકનો વ્યવહાર જ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાળકોને પ્રભાવિત કરશે."

અમે આવા શિક્ષકો સમાજને આપી રહ્યા છીએ તેનું અમોને ગૌરવ છે. અમો શ્રેષ્ઠતાના ઉપાસકો છીએ. **"Excellence is our goal"** શ્રેષ્ઠતાને ધારણ કરવા માટે વૈશ્વિક રીતે વિચારીએ, ઉમદા રીતે વર્તીએ અને જ્યાં છીએ ત્યાં રહીને સ્થાનિક કક્ષાએ "દિલસે" સુંદર કાર્ય કરીએ. ઈતિહાસ સાક્ષી છે કે ગઈકાલે પણ શિક્ષક જ્ઞાનરૂપી પ્રકાશનો પૂંજ હતો, આજે પણ છે અને આવતી કાલે પણ હશે જ... "ઉજાલા કાયમ રહે" તે "પ્રકાશ પરિવાર" નો અંતર્નાદ છે.

માત્ર પુસ્તકીયું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રથમ સ્થાન મેળવવા કરતાં સર્વાંગી વિકાસ દ્વારા સંપૂર્ણપણે ઘડાયેલા શિક્ષકો મારે મન વધુ મહત્વના છે. તેઓ ઉત્તમ સંસ્કાર મેળવીને – સમાજમાં ગૌરવ મેળવે અને દેશને ગૌરવ અપાવે તે મહત્ત્વનું છે. આ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ.

આપણી સંસ્થાના અધ્યાપકો શિક્ષણના સંશોધન ક્ષેત્રે પોતાનું માર્ગદર્શન યુ.જી.સી. તથા જી.સી.ઈ.આર.ટી. કક્ષાએ આપે છે. અનુસ્તાક શિક્ષકની યોગ્યતા પણ ધરાવે છે. વ્યાવસાયિક સજ્જતા માટે યોજાતા સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ, વિચારગોષ્ઠિ જેવા કાર્યક્રમોમાં સહભાગી બન્યા છે. આવા કાર્યક્રમોનું સંસ્થામાં આયોજન પણ કરવામાં આવેલ છે.

"પ્રકાશ"ની આ વિકાસયાત્રા માં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મોતીભાઈ પટેલ સાહેબ, ટ્રસ્ટીશ્રી નરેશભાઈ પટેલ સાહેબ, ભૂતપૂર્વ તાલીમાર્થીઓ, ચાલુ વર્ષના તાલીમાર્થીઓ, અધ્યાપક મિત્રો, વહીવટી સ્ટાફના મિત્રો, સેવકભાઈઓનો સહર્ષ અને ઉત્સાહજનક સહયોગ પ્રાપ્ત થયો છે.

અંતમાં હું એટલું જ કહીશ કે અમે અહીં આવતા તાલીમાર્થીઓને જ્ઞાનરૂપી "પ્રકાશ"આપીશું જેથી દેશની પ્રતિભાનો સૂરજ સમગ્ર વિશ્વમાં પ્રકાશથી ઝળહળે. સર્વે તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની શુભકામના.....

"પ્રકાશ પરિવાર"

નામ	હોદ્દો
ડૉ. અશ્વિનભાઈ ડી. શાહ ૧. ચિંતન ડુપ્લેક્ષ આનંદનગર, ભટ્ઠા, પાલડી, અમદાવાદ-૭. મો. : ૯૪૨૮૧ ૦૪૪૬૩ E : drashvindshah@yahoo.com	 આચાર્ય
ડૉ. જયાબેન પી. મૂલરાજાણી ૭૧, શિવ ગણેશ બંગલો, સોલા ઓવરબ્રીજ પાસે, થલતેજ, અમદાવાદ-૫૯. મો. : ૯૮૨૫૬ ૭૭૬૪૭ E : jayamulrajani@gmail.com	 એસો. પ્રોફેસર
પ્રો. ઈન્દ્રજીત કે. મહેરિયા ૬/૪, મારૂતીનંદન ફ્લેટ, રૂક્ષમણિ હોસ્પિટલ સામે, મણિનગર (પૂર્વ) ખોખરા, અમદાવાદ-૮. મો. : ૯૮૨૫૪ ૨૨૦૫૨ E : indrajeetmaheria@yahoo.com	 એસો. પ્રોફેસર
ડૉ. વિરલ ભરતભાઈ જાદવ D/6, આકાશ - II , આલ્ફા વન મોલની પાછળ, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૦૩૩૨૨૯૮૫૫ E : viral_b_j@yahoo.co.in	 આસિ. પ્રોફેસર
ડૉ. રાકેશકુમાર આર. પટેલ બંગલા નં. ૭, ગણેશપાર્ક વિ.-૧, આર. સી. ટૅકનિકલ રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧. ફોન : ૯૩૭૬૧૩૩૧૩૭ E : drrrpatel46@gmail.com	 આસિ. પ્રોફેસર
પ્રા. જયશ્રીબેન એસ. પટેલ ૧૨, નંદભૂમિ સોસાયટી, હિંમતનગર, મો. ૯૯૦૯૩૦૪૯૩૯ E : dr_jayshree82@yahoo.com	 આસિ. પ્રોફેસર
ડૉ. તેજલબેન ડી. પંડિત એ/૨૦૨, સાથ એપાર્ટમેન્ટ, સેંટ ઝેવિયર્સ લોયલા સ્કૂલની બાજુમાં, મેમનગર, અમદાવાદ-૫૪ મો. ૯૪૨૭૬૧૬૭૫૭ E : drtejalpandit1408@gmail.com	 આસિ. પ્રોફેસર

નામ	હોદ્દો
શ્રી સુધાબેન એસ. વોરા ૯, જગદીશ ફ્લેટ, વિજય ચાર રસ્તા પાસે, પલ્લવી ટાવરની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૦૯.ફોન : ૨૬૪૨ ૪૯૩૯ E : sudhavora@gmail.com	 ગ્રંથપાલ
શ્રી હિનાબેન જે. ઓઝા સેક્ટર નં. ૬-બી, પ્લોટ નં. ૨૧૨/૨, ગાંધીનગર-૩૮૨ ૦૦૬. મો. : ૯૪૨૭૩૧૮૯૨૪ E : hina11667@yahoo.in	 જુનિયર ક્લાર્ક
શ્રી હરિશ જયંતીલાલ સુખડીયા કંદોઈ ખડકી, દહેગામ, જી. અમદાવાદ. મો.: ૯૮૭૯૬૩૦૯૭૪	 સેવક
શ્રી પીયૂષ મણિલાલ શાહ બી-૨, મૃદંગ એપાર્ટમેન્ટ, વાસણા બસ સ્ટેન્ડ પાછળ,અમદાવાદ-૭. ફોન: ૨૬૬૦૭૦૨૮	 સેવક
શ્રી કનુભાઈ ચંદુભાઈ હરિજન વાસણા પોલીસ ચોકી પાછળ, સોરાઈ નગર, વાડીલાલ સ્ટાફ ગલી, અમદાવાદ-૭ મો.: ૯૯૦૪૪૪૨૭૬૪	 સ્વીપર
શ્રી પ્રકાશભાઈ ગુલાબસિંહ રાણા બી-૧૩૨, શ્રીરામનગર ફ્લેટ મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ મો.: ૯૫૫૮૩૩૫૪૨૩	 વોચમેન

List of Committee 2014 - 15

Sr. No.	Section-1	Committee Member	Student Representative
1.	Academic Calendar 1. Annual Planning of academics 2. Annual Planning of activities 3.Time table	Dr.J.P.Mulrajani Prof.J.S.Patel	
2.	Micro lesson-Simulation 1. Micro teaching planning 2. Simulation in Method teaching planning	Dr.T.D.Pandit Dr.V.B.Jadav Dr.J.P.Mulrajani	
3.	Practice Teaching 1. Stray Lesson 2. Block Teaching	Dr.R.R.Patel Dr.T.D.Pandit Prof.J.S.Patel	
4.	Internship and Shaksharta (literacy mission)	Dr.J.P.Mulrajani Prof.I.K.Maheria Dr.R.R.Patel	
5.	Examination	Dr.V.B.Jadav Dr.R.R.Patel Prof.J.S.Patel	
6.	Co-Curricular Activities: **Saptdhara Activities**	Dr.R.R.Patel	
	• Gyandhara- Knowledge wing	Prof.I.K.Maheria	Patel Sonal Patel Nikunj
	• Geet Sangeet Nrutya Dahara- Song and music wing	Prof.J.S.Patel	Patel Nikunj Dave Pooja
	• NatyaDahara- Drama wing	Prof.I.K.Maheria	Gurur Hansini Dave Pooja
	• Sarjnatmak Abhivyakti Dhara- Creativity wing	Dr.R.R.Patel	Patel Roshni Bhil Varsha
	• Rang Kala Kaushalya Dhara- Colours-Arts-Skill wing	Dr.V.B.Jadav	Prajapati Aarti Shekh Amrin Narooka Aarti
	• Khelkud Dhara-Sports wing	Dr.J.P.Mulrajani	Chaudhri Usha Chaudhri Jasmin
	• Samuday Seva Dhara- Social services wing	Dr.T.D.Pandit	Patel Dipti Dengada Rahul
7	Prayer and Bulletin Board	Prof.I.K.Maheria Dr.V.B.Jadav Dr.J.P.Mulrajani	Dengda Rahul Prajapati Aarti
8	Attendance	Prof.J.S.Patel Dr.R.R.Patel	
9	IQAC: Internal Quality Assurance Cell	Dr.V.B.Jadav	Patel Jigar Sahu Jyoti
10	AAA	Prof.J.S.Patel	
11	NAAC	Dr.T.D.Pandit	

Sr. No.	Section-2	Committee Member	Student Representative
1	Alumni association ”Samvedna”	Dr.T.D.Pandit Prof.I.K.Maheria	Bhil Varsha Patel Pallavi
2	Magazine: Prakash Punj	Prof.I.K.Maheria Prof.J.S.Patel Dr.J.P.Mulrajani	Patel Sonal Patel Nikunj Dave Pooja Sondarva Nikita Gamiti Ripal
3	Udisha: Placement Cell	Prof.I.K.Maheria Dr.V.B.Jadav Dr.R.R.Patel	Sharma Krushnakant Patel Vidhi
4	Scope	Dr.T.D.Pandit	
5	Sandhan	Dr.T.D.Pandit Dr.V.B.Jadav	Dengada Rahul Patel Nikunj
6	Picnic- Visit	Prof.I.K.Maheria Dr.R.R.Patel	Chaudhri Jasmin Chauhan Dhrmishtha
7	CWDC& Internal Complaint Cell (ICC)	Dr.J.P.Mulrajani Dr.V.B.Jadav Prof.J.S.Patel H.J.Oza	Patel Sonal Bhil Varsha
8	Grievance Redressal Cell	Dr.R.R.Patel Dr.J.P.Mulrajani Dr.T.D.Pandit	Sharma Krushnakant Patel Sonal
9	Anti Raging Cell	Dr.J.P.Mulrajani Prof.I.K.Maheria H.J.Oza K.C.Harizan	
10	Health & Cleanliness 1. swatchta Abhiyan 2. environmental awareness	Dr.J.P.Mulrajani Prof.J.S.Patel	Ozat Monica Patel Het
11	Guidance & Counseling 1. Mentoring 2. Remedial Teaching	Dr.J.P.Mulrajani Dr.R.R.Patel Prof.J.S.Patel	
12	Student Council	Dr.R.R.Patel	1.Patel Kavita 2.Sahu Jyoti 3.Zala Ilesh 4.Khokhar Amrin 5.Sondarva Nikita 6.Borisagar Krishna 7.Koladiya Shilpa

Sr. No.	Section-3	Committee Member	Student Representative
1	Library Advisory committee	Prof.J.S.Patel Prof.I.K.Maheria Dr.V.B.Jadav S.S.Vora	
2	Psychology-lab	Dr.T.D.Pandit Dr.R.R.Patel	
3	Computer lab	Dr.V.B.Jadav Dr.T.D.Pandit	Dengada Rahul
4	Science lab and Maths corner	Dr.V.B.Jadav	Patel Dipti Chauhan Dharmishtha
5	E.T.Lab & TLM	Prof.I.K.Maheria Dr.J.P.Mulrajani	Patel Nikunj
6	Photography	Dr.J.P.Mulrajani Dr.V.B.Jadav	Zala Ilesh Dengada Rahul
7	Web-site-updation	Prof.I.K.Maheria Dr.V.B.Jadav	Patel Nikunj
Sr. No.	**Section-4**	**Committee Member**	**Student Representative**
1.	Question Bank and print material Updation	Dr.R.R.Patel Prof.J.S.Patel	
2.	Stationary	Prof.J.S.Patel H.J.Oza	
3.	Research Forum 1. Planning and review of research activities at college 2. Organizing Seminars and Workshop for student teachers 3. Organizing seminars and workshops for teacher educators and technical staff 4.Organizing guest lectures	Dr.R.R.Patel Dr.V.B.Jadav Dr.T.D.Pandit	Dengada Rahul Chauhan Dharmishtha
4.	E-gyan portal	H.J.Oza Dr.V.B.Jadav	
5.	MHRD Database	Prof.J.S.Patel H.J.Oza	
6.	N-list programme	Dr.T.D.Pandit S.S.Vora	
7.	Parents Association Committee	Dr.V.B.Jadav Dr.R.R.Patel	Maru Alpesh

સ્મરણિકા

સ્વાગતોત્સવ :
તા.૧૬/૦૬/૨૦૧૪ નાં શુભદિને શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં સંસ્થામાં પ્રવેશ મેળવનાર પ્રશિક્ષણાર્થીઓનો આવકારોત્સવ યોજાયો જે સંદર્ભે આચાર્ય શ્રી ડૉ. એ.ડી. શાહે શાબ્દિક પુષ્પરત્નો દ્વારા પ્રશિક્ષણાર્થીઓનું સ્વાગત કર્યું. તેમજ ગુલાબ આપી તેઓને આવકાર્યા.

રાષ્ટ્રીય પોષણ સપ્તાહ :
તા. ૧૬/૦૬/૨૦૧૪ નાં રોજ ''નેશનલ ન્યુટ્રીશન વીક'' વિશે તાલીમાર્થીઓ દ્વારા કુપોષણથી બચવા અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુપોષણના કારણે બાળકોમાં જોવા મળતી ખામીઓને દૂર કરવા માટે પોષણત્તમ આહારની જરૂરિયાત વિશે લોકોમાં સભાનતા જાગે તે અંગેની તાલીમાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી.

આઇ.આઇ.એમ. ની મુલાકાત :
તા. ૧૦/૦૭/૨૦૧૪ ને ગુરુવારના રોજ પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ તથા ભૂતપૂર્વ તાલીમાર્થીઓએ આઈ.આઈ.એમ. અમદાવાદની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જેમાં કોલેજના આચાર્યશ્રી તથા અધ્યાપકોએ ભાગ લીધો હતો.

અંધજન મંડળની મુલાકાત :
તા. ૧૦/૦૭/૨૦૧૪ ને ગુરુવારના રોજ પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ તથા ભૂતપૂર્વ તાલીમાર્થીઓએ અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદની મુલાકાત લીધી હતી. જેમાં આચાર્યશ્રી અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. સંસ્થા વતી અંધજન મંડળને જરુરી ચીજવસ્તુઓ અને આર્થિક સહાય કરવામાં આવી હતી.

ગુરુપુર્ણિમા ઉજવણી :
તા. ૧૨/૦૭/૨૦૧૪ ના રોજ પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા રંગોળી, પોસ્ટર-મેકિંગ તથા પ્રેરકપ્રસંગોની રજૂઆત દ્વારા અનોખી શૈલીમાં ગુરુવંદના રજૂ કરાઇ. તમામ અધ્યાપકમિત્રોએ પણ આદર્શ શિક્ષક કઈ રીતે ગરુ બની શકે તે અંગે વ્યાખ્યાનો આપી કાર્યક્રમને સફળ બનાવ્યો.

ચાલો કૉલેજ અભિયાન :
તા. ૦૪/૦૮/૨૦૧૪ ના રોજ આ કોલેજ અભિયાન અંર્તગત કે.સી.જી. ની ટીમ દ્વારા સંસ્થાની મુલાકાત લેવામાં આવી અને તાલીમાર્થીઓના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં અવ્યુ.

હિરોશિમા દિન ની ઉજવણી :
તા. ૦૬/૦૮/૨૦૧૪ ના રોજ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા હિરોશિમા દિવસની વિસ્તૃત રજૂઆત થઈ. જેમાં અણુબોંબ કેટલી ઝડપે અને તાકાતથી ફૂંકાયો હતો અને તેની ઝીણાંમાં ઝીણી અસર કેવી થઈ તેની સચોટ રજૂઆત કરવામાં આવી.

શહીદ દિનની ઉજવણી :
તા. ૦૯/૦૮/૨૦૧૪ ના રોજ શહીદ દિનની ઉજવણી નાં ભાગ સ્વરૂપે તાલીમાર્થીઓ દ્વારા શહીદોની યાદમાં સુંદર વક્તવ્યો રજૂ કર્યા. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી તથા અધ્યાપકગણે ભાગ લીધો.

રક્ષાબંધન :
તા. ૯/૦૮/૨૦૧૪ ના રોજ રક્ષાબંધન પર્વ નિમિતે સંરક્ષણ તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના સભામાં ભાઈ-બહેનના પ્રેમ સંબંધને લગતાં ગીતોના કર્યક્રમમાં તાલીમાર્થીઓ સહિત સમગ્ર સ્ટાફ ગણે ભાગ લીધો.

નંદોત્સવ :
તા. ૧૪/૦૮/૨૦૧૪ નાં દિવસે જન્માષ્ટમીના પવિત્ર તહેવાર નિમિતે સંસ્થા દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં કૃષ્ણ ભક્તિનાં ગીતો અને મટકીફોડ જેવા રંગારંગ કાર્યક્રમો રજૂ કર્યા. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા ડ્રામા નું આયોજન કરવામાં આવ્યુ હતું તથા અંતે આચાર્યશ્રી તથા સ્ટાફ ગણ દ્વારા વક્તવ્ય રજૂ કરાયા.

સ્વાતંત્ર્ય દિન નિમિતે ઉજવણી :
તા. ૧૫/૦૮/૨૦૧૪ નાં રોજ વિવિધ તાલીમાર્થીઓ દ્વારા સ્વાતંત્ર્ય દિન વિશે વક્તવ્ય તેમજ દેશભક્તિ ગીતોની રજૂઆત કરવામાં આવી જેનું એન્કરિંગ તાલીમાર્થી દ્વારા કરવામાં આવ્યુ હતું અને અંતમાં આચાર્યશ્રી તેમજ અધ્યાપકશ્રીઓ દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા અને સમૂહમાં રાષ્ટ્રગીત નું ગાન કરવામાં આવ્યું.

યુથ ફેસ્ટિવલ(મહેફિલે નૌ રસ) :
ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલ યુથ ફેસ્ટિવલ(મહેફિલે નૌ રસ) માં તા. ૧૬/૦૮/૨૦૧૪ અને ૧૭/૦૮/૨૦૧૪ આ બે દિવસો દરમ્યાન પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશનનાં તાલીમાર્થીઓએ ક્વીઝ અને પોસ્ટર મેકિંગ જેવાં કાર્યક્રમોમાં ભાગ લીધો હતો જેમાં ક્વીઝમાં સારા એવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતાં અને જેનાં ઉત્તરો પણ મળ્યાં હતાં. તેમજ વિવિધ પ્રકારનાં પોસ્ટર પણ બનાવવામાં આવ્યાં હતાં.

જ્ઞાન સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ (દેશભક્તિ ગીત) :
તા. ૦૨/૦૯/૨૦૧૪ નાં રોજ જ્ઞાન સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ હેઠળ દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ દેશભક્તિ ગીત તેમજ વક્તવ્યો રજૂ કર્યા હતા.

શિક્ષક દિન :
તા. ૦૫/૦૯/૨૦૧૪ નાં દિવસે ભારતના સર્વપ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિના અવસરે સંસ્થાના તાલીમાર્થીઓએ શિક્ષણ દિનની ઉજવણીના ભાગ સ્વરૂપે આચાર્ય, અધ્યાપકો તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ભૂમિકા ભજવી હતી તથા અંતિમ તાસમાં શિક્ષણગણ દ્વારા મંતવ્યો રજૂ થયા અને તેઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું.

ઓઝોન ડે :
તા. ૧૬/૦૯/૨૦૧૪ નાં રોજ સંસ્થા દ્વારા વર્લ્ડ ઓઝોન ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં ગ્લોબલ વોર્મિંગ અંગે તાલીમાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી તેમજ તે અંગેના ઉપાયોની ચર્ચા કરવામાં આવી.

વિશ્વશાંતિ દિવસ :
તા. ૨૨/૦૯/૨૦૧૪ નાં દિવસે વિશ્વશાંતિ દિવસ અંગેનું મહત્વ અને તે માટેનાં પ્રયત્નો અંગે તાલીમાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી.

નવરાત્રી મહોત્સવ :
તા. ૨૬/૦૯/૨૦૧૪ નાં રોજ નવરાત્રિ પર્વ નિમિતે સંસ્થાના પટાંગણમા સુંદર ગરબા મહોત્સવનું આયોજન કરાયુ હતું. જેમાં અધ્યાપકગણ અને બિન શૈક્ષણિકગણ સાથે તાલીમાર્થીઓ ગરબાનાં તાલ સાથે ઝૂમી ઊઠયા હતા. ઓરકેસ્ટ્રાની મદદથી ગરબાની રંગત ઓર જામી અને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું.

સ્વચ્છતા અને સ્વાસ્થ્ય કાર્યક્રમ :
તા. ૨૭/૦૯/૨૦૧૪ નાં રોજ સંસ્થા દ્વારા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અધ્યાપકશ્રીઓ તેમજ તાલીમાર્થીઓ દ્વારા કોલેજ નાં વર્ગો તેમજ મેદાનની સફાઈ કરવામાં આવી હતી. અને અંતે અધ્યાપકોએ આ કાર્યક્રમ અંગે વક્તવ્ય આપ્યું હતું.

પિંકાથોન :
તા. ૧૨/૧૦/૨૦૧૪ નાં રોજ સંસ્થાના મહિલા અધ્યાપકો તેમજ તાલીમાર્થીઓએ પિંકાથોન માં ભાગ લીધો. જેમાં સવારે ૬ વાગે રિવરફ્રન્ટ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં વારાફરતી ૩ મીટર, ૫ મીટર અને ૧૦ મીટરની દોડ રાખવામાં આવી હતી. ત્યારબાદ બ્રેસ્ટ કેન્સર અવેરનેસ વિષે વ્યાખ્યાન આપવામાં આવ્યું અને તેનું ફ્રી ચેકિંગ કરવામાં આવ્યું. દોડમાં પ્રથમ આવનારને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

વિશ્વ અન્ન દિવસ :
તા. ૧૬/૧૦/૨૦૧૪ નાં રોજ વિશ્વ અન્ન દિવસ નિમિતે તાલીમાર્થીઓ દ્વારા બગડતા જતા આનાજનો અટકાવ કેવી રીતે થઈ શકે તેની વિસ્તૃત માહિતી આપી હતી.

વિશ્વ બચત દિવસ :
તા. ૩૦/૧૦/૨૦૧૪ નાં રોજ સંસ્થામાં વિશ્વ બચત દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં તાલીમાર્થીઓ દ્વારા બચતની જરૂરિયાત તથા તેનું મહત્વ અને બચત અંગેની જાગૃતતા અંગેના પોસ્ટર્સ રજૂ કરવામાં આવ્યાં.

કેન્સર હોસ્પિટલ અને વૃદ્ધાશ્રમની મુલાકાત :
તા. ૨૫/૧૧/૨૦૧૪ નાં રોજ સંસ્થા દ્વારા કેન્સર હોસ્પિટલ અને વૃદ્ધાશ્રમની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદનાં વિવિધ વૃદ્ધાશ્રમ અને કેન્સર હોસ્પિટલ ની મુલાકાત લીધી હતી.

કેન્સર થવાનાં કારણો ઉપરના વ્યાખ્યાન નો કાર્યક્રમ :
તા. ૨૭/૧૧/૨૦૧૪ નાં રોજ સંસ્થા દ્વારા કેન્સર વિભાગનાં નિષ્ણાંત ડૉ. પંકજ શાહ દ્વારા સંસ્થાની અંદર લોકજાગૃતિ માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં કેન્સર થવાનાં કારણો તેમજ તેને અટકાવવાનાં ઉપાયો અંગે વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

ઝંડા દિન :
સમગ્ર રાષ્ટ્રમાં ૯ /૧૨/૨૦૧૪ ઝંડા દિવસ તરીકે મનાવવામાં આવે છે. રાષ્ટ્રધ્વજની ઐતિહાસિક ભૂમિકા અને તેનું મહત્વ દર્શાવતો કાર્યક્રમ સંસ્થાના તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો.

માનવ અધિકાર દિન :
તા. ૧૦/૧૨/૨૦૧૪ નાં રોજ માનવ અધિકાર દિન નિમિતે તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા. જેમાં ભારતનાં રાષ્ટ્રીય બંધારણમાં માનવ અધિકાર અંગે વિવિધ જોગવાઈઓ રજૂ કરવામાં આવી છે તેની જણકારી આપવામાં આવી.

સાડી ડે :
તા. ૩૧/૧૨/૨૦૧૪ નાં રોજ કોલેજમાં સાડી ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેવી કે મહેંદી સ્પર્ધા, ગીત સ્પર્ધા, કાવ્ય પઠન વગેરે. જેમાં તાલીમાર્થીઓએ ખૂબ જ સુંદર રજૂઆત કરી હતી.

ટ્રેડિશનલ ડે :
તા. ૦૩/૦૧/૨૦૧૫ નાં રોજ ટ્રેડિશનલ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાની અંદર સમૂહભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને રાસ-ગરબા નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

UVA Unstoppable (NGO) કાર્યક્રમ

તારીખ ૮/૦૧/૨૦૧૫ ના રોજ **UVA Unstoppable (NGO)** નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. આ સંસ્થાનો મુખ્ય હેતુ **"spreading kindness to the society"** છે. આ સંસ્થા દ્વારા ઘણા પ્રોજેક્ટ આયોજિત કરેલ છે. જેમાં એક પ્રોજેક્ટ જે મ્યુનિસિપલ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મફત **digital knowledge** અને **curriculum of empowerment designed by Intel** છે. જે સંદર્ભે **UVA** ના **(operational executive)** અમીબેન અને અલીશા મહેતા **(intern)** દ્વારા અમદાવાદની મ્યુનિસિપલ શાળાઓમાં સ્વૈચ્છિક સેવા આપનાર શિક્ષકો માટેની જરૂરિયાત જણાવવામાં આવી તથા સંસ્થા ના તાલીમાર્થીઓને તેમાં સભ્યો બનવાની પ્રેરણા આપવામાં આવી. આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ તાલીમાર્થીઓને શિક્ષણમાં સેવા આપવાનો હતો. જેથી સમાજમાં જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને મફત શિક્ષણ મળી રહે અને જરૂરી વિષયનું જ્ઞાન મળી રહે. સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અધ્વર્યુ પૂજા આ **NGO** માં **TOOL COOL LEADER** તરીકે સેવા આપી રાા છે. આ સંસ્થાના ઘણા બધા તાલીમાર્થીઓ આ સંસ્થાના સભ્યો બન્યા અને તેમની સેવા આપવાની બાહેંધરી આપી હતી.

વર્લ્ડ ડોટર ડે/સ્વામી વિવેકાનંદ જન્મજયંતી :
પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૨/૦૧/૨૦૧૫ સોમવાર ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે તે દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમા સંસ્થાના અધ્યાપકો દ્વારા સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તે દિવસે વર્લ્ડ ડોટર ડે (World Daughter Day) પણ આ સાથે ઉજવવામાં આવ્યો હતો જેમાં "દિકરી એ સાપનો ભારો કે તુલસી નો ક્યારો?" આવા વિષયો પર વ્યાખ્યાન રજૂ થયાં હતાં અને દિકરી નું માન વધે એવા વ્યાખ્યાનો પણ કરવામાં આવ્યા હતા.

મહિલા સ્વાસ્થ્ય કાર્યક્રમ :
તા. ૧૩-૦૧-૨૦૧૫ ના રોજ CWDC અંતર્ગત "મહિલા સ્વાસ્થ્ય" માટે ડૉ. એસ. કે. કડીકરનો વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યો. જેમાં ડૉક્ટર સાહેબે મહિલાઓના સ્વાસ્થ્ય અંગે સમજ પૂરી પાડી.

રક્તદાન શિબિર :
પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૫ ગુરુવારનાં રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી આવ્યા હતા. જેમાં તાલીમાર્થીઓ ભાગ લેવા ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ રક્તદાન શું છે? તેનું મહત્વ? તેની કોને જરૂર પડે છે? કોણ આપી શકે છે? વગેરે જેવી પ્રાથમિક વિગતોની સમજૂતી આપવામાં આવી હતી. ત્યારબાદ ઈચ્છિત અધ્યાપકો અને તાલીમાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. અને તેઓની તબીબી તપાસમાં વજન, બ્લડપ્રેશર , એચ.બી. વગેરે બાબતો તપાસી હતી ત્યારબાદ રક્તદાન નો કાર્યક્રમ શરૂ થયો હતો.

મતદાન દિવસ ની ઉજવણી :
તા. ૨૪/૦૧/૨૦૧૫ કે જે મતદાન દિવસ તરીકે ઓળખવામાં આવે છે તે દિવસને પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા ઉજવવામાં અવ્યો હતો. જેમાં સંસ્થાના અધ્યાપકો દ્વારા મતદાન નું મહત્વ અને દેશના તમામ નાગરિકોને મત કરવાનો અધિકાર છે વગેરે જવી બાબતો વિષે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આજના નાગરિકોને મતે એ કેટલું આવશ્યક છે, દેશના ભવિ વિકાસ માટે પણ તે એટલું જ જરૂરી છે. આવી બાબતોને સમજાવવામાં આવી હતી.

પ્રજાસત્તાક (ગણતંત્ર) દિનની ઉજવણી :
પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા તા. ૨૬/૦૧/૨૦૧૫ ના રોજ ૬૬માં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. જમાં સંસ્થાના તમામ અધ્યાપકો તેમજ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ત્રિરંગો ફરકાવી ને કરી હતી. ત્યારબાદ સર્વેએ એ ત્રિરંગાને સલામી આપી અને આપણું રાષ્ટ્રગીત ''જન-ગણ-મન'' અને ''વંદેમાતરમ્'' ગાયુ હતું.

ગાંધી નિર્વાણ દિન - ચિત્ર સ્પર્ધા :
તા. ૩૦/૦૧/૨૦૧૫ ના રોજ માહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે મહાત્મા ગાંધી અને સફાઈ વિષય પર ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. આચાર્ય શ્રી ડૉ. એ.ડી.શાહ એ મહાત્મા ગાંધી અને સફાઈ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત શહીદ દિન નિમિત્તે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું તથા હાજર બધા સભ્યોએ સફાઈ અંગેના શપથ લીધા હતા.

SEBI રોકાણ અંગેની માહિતી :
તા.૩૦-૦૧-૨૦૧૫ ના રોજ **SEBI** ના સભ્ય પલકબેન દ્વારા તાલીમાર્થીઓ તથા શિક્ષકગણ ને રોકાણના ફાયદા, રોકાણના ક્ષેત્રો અને રોકાણમાં કેવી સાવચેતી રાખવી તે અંગે ખૂબ ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી.

ઉદિશા ક્લબની ઉજવણી :
પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૬/૦૩/૨૦૧૫ થી તા. ૧૮/૦૩/૨૦૧૫ સુધી ઉદિશા ક્લબની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલિમાર્થીઓ ને કારકિર્દી તથા TET / TAT વિશે પૂરતી માહિતી આપી હતી. તાલિમાર્થીઓ પોતાના વ્યવસાય અંગે માર્ગદર્શન મેળવે તે રીતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

વાર્ષિક દિન ની ઉજવણી ''પ્રકાશપૂંજ'' વિમોચન તથા નિવૃત્તિ શુભેચ્છા સમારંભ :
તા.૦૮/૦૪/૨૦૧૫ ના રોજ સંસ્થાનો વાર્ષિક દિન ઉજવવામાં આવ્યો જેમાં સમગ્ર વર્ષના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધામાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા તેમજ સંસ્થાનો વાર્ષિક અંક ''પ્રકાશપૂંજ'' નું મહેમાનશ્રી ના હસ્તે વિમોચન કરવામાં આવ્યું તથા ગ્રંથપાલ શ્રી સુધાબેન એસ. વોરા ની નિવૃત્તિ વેળાએ તેમને શુભેચ્છા પાઠવવામાં આવી.

નિવૃત્તિ શુભેચ્છા

શ્રી સુધાબેન વોરા

પ્રકાશ કૉલેજ ઓફ એજ્યુકેશનમાં ૪૧ વર્ષથી લાયબ્રેરીયન તરીકે ફરજ બજાવતા ઉત્સાહી અને કર્મશીલ શ્રી સુધાબેન એસ. વોરા ને સમગ્ર પ્રકાશ પરિવાર નિવૃત્તિ શુભેચ્છા પાઠવે છે.

Workshop: New Era of Education: Web Based And Mobile Based Examination.

૨૧ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન ના IQAC દ્વારા New Era Of Education:Web Based And Mobile Based Examination નાં વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૧ જાન્યુઆરી એ પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે Education vision 2022 ઉપર વક્તવ્ય આપ્યું હતું આ દિવસે પ્રિ. ટી. જે. પુરાણી એ Teachers role in 21st century an Education Philosophy ઉપર વક્તવ્ય આપ્યું હતું. ૨૨ જાન્યુઆરી એ ડૉ. વિમલ પંડયાએ Mobile Education And Online Examination ઉપર વક્તવ્ય આપ્યું હતું. ત્યાર બાદ ૨૩ જાન્યુઆરી શ્રી વિશાલ હરસોરાએ Web base Examination Software Practical કરાવ્યા હતા. ડૉ. વિમલ પંડયાએ Mobile base Examination Software Practical કરાવ્યા હતા.

આ વર્કશોપ માં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ ગ્રાન્ટ ઈન એક કોલેજ ના અધ્યાપકો એ ભાગ લીધો હતો. તેમાં ૧૭ જેટલાં અધ્યાપકો હાજર હતા. અને તેમના દ્વારા ઓનલાઈન એક્ઝામ નું સોફ્ટવેર તૈયાર કરાવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નાં સફળ સંચાલન માટે વિવિધ સમિતિ ની રચના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમના કો-ઓર્ડિનેટ ડૉ. વિરલ બી. જાદવ હતા.

સમિતિ	ઈનચાર્જ અધ્યાપક
ફોટોગ્રાફી	ડૉ. જે. પી. મુલરાજાની
રજિસ્ટ્રેશન એન્ડ સર્ટિફિકેટ	પ્રો. આઈ. કે. મહેરિયા
સત્કાર સમિતિ	ડૉ. આર. આર. પટેલ
સજાવટ	ડૉ. ટી. ડી. પંડિત
ટેકનિશીયન આસિસ્ટન્ટ	પ્રો. જે. એસ. પટેલ
સંચાલન	ડૉ. વી. બી. જાદવ



નંદોત્સવ

તા.૧૪/૦૮/૨૦૧૪ ના રોજ પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં નંદોત્સવની ઉજવણી ના ભાગ રૂપે વિવિધ વર્ગખંડોમાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રદર્શન શ્રીકૃષ્ણજીવન ચરિત્ર તથા ગીતા ઉપદેશ વિષય સંદર્ભે યોજવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ ગીતા ઉપદેશને લગતાં વિવિધ પોસ્ટર, રંગીન ચિત્રો અને ફોટોગ્રાફની ગોઠવણ કરી હતી. વિવિધ ભાષામાં અનુવાદિત ભગવદ્ગીતાનું પ્રદર્શન પણ યોજવમાં આવ્યું હતું. વર્ગખંડોને સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. બીજા વર્ગખંડમાં નિષ્કામ કર્મ વિષયે (અર્જુન અને કૃષ્ણ સંવાદને લગતા) નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મ અંગે બોધપાઠ રજૂ કર્યો હતો.

ઉજવણીના ભાગરૂપે "ફૂડ સ્ટોલ" ની ગોઠવણી કરવામાં આવેલી જેમાં તાલીમાર્થીઓએ "ચટાકા ભેળ" ની લિજ્જત માણી હતી.

આ સમગ્ર કાર્યક્રમની ખૂબ જ રોમાંચક રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યશ્રી, અધ્યાપકો તેમજ તમામ તાલીમાર્થીઓએ હર્ષભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું કો-ઓર્ડીનેશન ડૉ. વિરલ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા વિવિધ ઈવેન્ટમાં ભાગ લીધેલ તાલીમાર્થીઓના નામ નીચે મુજબ છે.

ચટાકા ભેળ

સોલંકી સ્વાતિ
પટેલ વિધિ
પટેલ દિપ્તિ
બાપોદરા જીગ્નાશા
પટેલ પારસ
પરમાર દૃષ્ટિ
શર્મા નિશા
નરકા આરતી
શેખ અમરીન
મોમીન કૌશલ
શોઢા ભૂમિ
નાયક નિશા

ગીતા સંદેશ પ્રદર્શન

મારૂ અલ્પેશ
પટેલ નિકુંજ
મકવાણા દિલિપ
પટેલ સોનલ
પટેલ હેત
ઓઝત મોનિકા
પરમાર સાધના

નિષ્કામ કર્મ : નાટક

સ્ક્રીપ્ટ : ઝાલા ઈલેશ
કૃષ્ણ : દવે પૂજા
અર્જુન : ગુરૂંગ હંસીની

સ્વાતંત્ર્યદિનની ઉજવણી

તા. ૧૫/૮/૨૦૧૪ને શુક્રવારના રોજ પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન , અમદાવાદમાં સ્વાતંત્ર્યદિન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એ.ડી.શાહ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ અને દરેક વ્યક્તિનું ચોકલેટ દવારા મોં મીઠું કરાવવામાં આવેલ.

સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિતે સપ્તધારા ની વિવિધ ધારાઓ હેઠળ પ્રભાતફેરી, સાયકલરેલી, વકતૃત્વ સ્પર્ધા , કાવ્યપઠન, રંગોળી, મહેંદી હરિફાઈ, દેશભકિતગીત, દોડ, સંગીતખુરશી, ગુજરાતકવીઝ, પોસ્ટર મેકીંગ, જેવા કાર્યક્રમો યોજવામાં આવેલ. આ તમામ કાર્યક્રમોમાં સંસ્થાના તમામ કર્મચારીઓએ તથા તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. જેમાં પ્રત્યેક સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ તાલીમાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

Winner Student list (Swarnim Saptdhara) Dt.15\8\2014

Sr.	Student Name	Roll No.
વકતૃત્વ સ્પર્ધા		
1	Bhil Varsha	104
2	Patel Dimpal	69
3	Chuhan Rita	14
કાવ્યપઠન સ્પર્ધા		
1	Bhil Varsha	104
2	Gamet Ripal	71
3	Zala Ilesh	05
સાયકલ સ્પર્ધા		
1	Patel Nikunj	41
2	Chavada Sonal	31
3	Patel Pallavi	23
ગીત-સંગીત સ્પર્ધા		
1	Bhil Varsha	104
2	Dave Pooja	55
3	Patel Pallavi	23
મહેંદી સ્પર્ધા		
1	Sawedhriya Jigna J	97
2	Shah Jyoti B.	72
3	Shaikh Amrin A.	16

Sr.	Student Name	Roll No.
ગુજરાત કવીઝ સ્પર્ધા		
1	Gameti Ripal	71
2.	Prajapati Aarti	57
3.	Patel Sawan	60
દોડ સ્પર્ધા		
1	Gurung Hashin K.	96
2	Chaudhari Usha N.	48
3	Sharma Disha R.	91
પોસ્ટર મેકીંગ સ્પર્ધા		
1	Ozat Monika	84
2	Patel het	67

“ જ્ઞાન સપ્તાહ ” ઉજવણી અંતર્ગત યોજવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓનો અહેવાલ.....

ક્રમ	તારીખ	પ્રવૃતિનું નામ
૧.	**૧ સપ્ટેમ્બર ૨૦૧૪**	“ જ્ઞાન સપ્તાહ ” અંતર્ગત શરુઆતમાં પ્રથમ દિવસે સંસ્થામાં મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનું સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દવારા ઉદ્‌બોધન નિહાળવાનું આયોજન કરેલ હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા સફાઇ અને વક્તવ્યનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.
૨.	**૨ સપ્ટેમ્બર ૨૦૧૪**	“ જ્ઞાન સપ્તાહ ” અંતર્ગત આ દિને દેશભક્તિ ગીત સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ૧. દવે પૂજા એચ. ૨.ભીલ વર્ષા કે ૩. પટેલ પલ્લવી બી. તેમજ મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ વિષયક કથન–વાંચન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ૧. ભીલ વર્ષા કે. ૨. ઝાલા ઈલેશ એસ.
૩.	**૩ સપ્ટેમ્બર ૨૦૧૪**	આ દિવસે “ જ્ઞાન સપ્તાહ ” અંતર્ગત સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી. આચાર્ય તરીકે ભૂમિકા સોનલબેન પટેલે નિભાવેલ.
૪.	**૪ સપ્ટેમ્બર ૨૦૧૪**	આ દિને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અલગ અલગ થીમ આધારિત વિદ્યાર્થીની બ્હેનોએ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. ૧.ઓજાત મોનિકા એમ. ૨. પટેલ હેત પી.૩. કંટારિયા અસ્મિતા એસ. ૪. પ્રજાપતિ આરતી એસ. ૫. પરમાર સાધના જે. આ ઉપરાંત“ ઈનોવેટિવ પ્રેકિટસ ”(આઇસીટીનો શિક્ષણમાં ઉપયોગ) વિષયક પ્રા.શ્રી જયશ્રીબેન. એસ. પટેલે વિદ્યાર્થીઓને સમજ આપી હતી.
૫.	**૫ સપ્ટેમ્બર ૨૦૧૪**	“ શિક્ષક દિન નિમિતે ” માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્‌ભાઇ મોદીસાહેબનું ઉદ્‌બોધન વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દવારા માણવામાં આવેલ. ઉપરાંત દેશના વિવિધ રાજયોમાંથી વિદ્યાર્થીઓ દવારા પૂછેલ પ્રશ્નો તથા તેના જવાબો પણ માણવામાં આવેલ આ ઉપરાંત સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

IIM / Blind Peoples' Association visit Report

આજે તારીખ ૧૦/૦૭/૨૦૧૪ ના રોજ અમારી કૉલેજ (પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન) માંથી અમને IIM (Indian Institute of Management), અંધજન મંડળ (Blind People's Association)ની મુલાકાતે લઈ ગયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંવેદના પૂર્વ વિદ્યાર્થી વિકાસ વર્તુળ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ અમે લોકોએ IIM ની મુલાકાત લીધી અહીં અમે લોકો સવારે ૧૧.૦૦ વાગ્યે મુખ્ય દરવાજા પર મળ્યા અને ત્યાર બાદ Mr. Iqbal કે જેઓ અમારા ગાઈડ હતા તેમણે અમને વિશે પૂરી માહિતી આપી હતી અમને સૌપ્રથમ IIM ના સ્વપ્નદ્રષ્ટા એવા વિક્રમ સારાભાઈ અને લાલભાઈ કસ્તુરભાઈ વિશે જણાવ્યું. IIM નું પ્લાનિંગ કરનાર અને બાંધકામ કરનાર એવા ફ્રેન્ચ આર્કિટેક લુઈસ કહાન હતા એવું જાણવા મળ્યું. અમે IIM મા કહાન કોન્વોકેશન ગ્રાઉન્ડ, મુખ્ય લાયબ્રેરી, વર્ગખંડ અને ડોમેટરી વગેરેની મુલાકાત લીધી હતી જેમાં અમને ખૂબ મજા આવી હતી. IIM નું પુસ્તકાલય ખૂબ જ વિશાળ હતું. જે ચાર માળમાં વિભાજીત હતું જેને વિક્રમ સારાભાઈ પુસ્તકાલય કહેવામાં આવે છે. આ પુસ્તકાલયમાં વાંચનખંડ, જર્નલ્સ, જૂના મેગેજીનો અને સમાચારપત્રો, ડિજીટલ લાયબ્રેરી વગેરે જેવી વિવિધતા જોવા મળતી હતી. અહીં લગભગ ૧,૮૦,૦૦૦ જેટલા Management ને લગતા પુસ્તકો હતા. Oxford Dictonary હતી કે જેમાં કોઈપણ ભાષાના શબ્દનો અર્થ જોવા મળતો હતો. જે નવી તથા જૂની એમ બન્ને આવૃત્તિમાં હતી, ૧૯૬૩ થી સાચવેલા The Economics Times ના સમાચાર પત્રો અને ૧૯૬૧ થી સાચવેલા. Census of India ના અલગ-અલગ રાજ્યોના પુસ્તકો જોવા મળ્યા હતા.

ત્યારબાદ વર્ગખંડો અને ડોમેટરી વગેરે નિહાળ્યું. વર્ગખંડો સંપૂર્ણ Air Conditioning હતા. અહીં પ્રોજેક્ટર વડે ભણાવવામાં આવતું હતું અને OHP (Over Head Projector) પણ હતું. અહીં વિદ્યાર્થીઓની બેઠકો નામ પ્રમાણે નક્કી કરેલી હતી. દરેક વર્ગખંડ પ્રમાણે અલગ પુસ્તકાલય અને અલગ Administration ની વ્યવસ્થા હતી. ડોમેટરી માં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ હતી એક ડોમેટરી માં ૪૦ રૂમો હતા અને એક વિદ્યાર્થી દીઠ એક રૂમની વ્યવસ્થા હતી. આવી ૮૦ ડોમેટરી હતી. ત્યારબાદ અમારા ગાઈડે અહીંયા પ્રવેશ મેળવવાની પ્રક્રિયા વિશે માહિતી આપી હતી. જેમાં અમને જાણવા મળ્યું કે કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક Common Entrance Test (CET) પાસ કરી મેરીટમાં આવે તો એમને અહીં પ્રવેશ મળે છે. ત્યારબાદ અમે કેન્ટીન અને રિસેપ્શન જોયા જે ખૂબ જ સુવ્યવસ્થિત હતા અને છેલ્લે અમે IIM માં ગ્રુપ ફોટો પડાવ્યો અને ત્યાંથી વિદાય લઈ અંધજન મંડળ જવા નીકળ્યા હતા.

અંધજન મંડળની અમે લગભગ બપોરે ૨.૦૦ વાગે મુલાકાત લીધી હતી. અમે અહીં સૌપ્રથમ વિકલાંગ વ્યક્તિઓ માટે કૃત્રિમ હાથ, પગ વગેરે બનાવી રહ્યા હતા તે જોયું હતું અને ત્યાંથી પ્રિન્ટીંગ પ્રેસની મુલાકાત લીધી. તેમાં અમે વિકલાંગ વ્યક્તિઓ કે જેઓ પુસકની છાપણી, બાઈન્ડિંગ અને ગોઠવણી કરતા હતા તે જોયું અને ત્યાંથી સ્ત્રી વિકાસગૃહની મુલાકાત લીધી હતી કે જેમાં વિકલાંગ બહેનો દ્વારા બનાવેલ કપડાં, બેગ, કપાસની વાટ અને તેઓ પોતે રસોઈ પણ બનાવી રહ્યા હતા તે જોયું હતું અને અહીં ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી કૌશલ્યવર્ધન વર્ગોની મુલાકાત લીધી અને અમે ચેરીટી શોપમાં અમારી સાથે લઈ આવેલ વસ્તુઓને સહર્ષ દાનમાં આપી.

ત્યારબાદ અમે થોડો સમય આરામ કરી અને વિકલાંગ વ્યક્તિ કે જે પોતાના પગભર થઈ શકે અને સમાજમાં પોતાનો જીવનનિર્વાહ કરી શકે અને આત્મસન્માનથી જીવી શકે તે ઉદ્દેશથી ચલાવવામાં આવતા વિવિધ વર્ગખંડોની મુલાકાત લીધી હતી જેમાં સમાજવિદ્યા, ભૂગોળ, વિવિધ કૌશલ્ય વર્ગો જેવાકે મોટરરિવાઈન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન જેવા તાલીમ વર્ગો જોયા અને અમને લાગ્યું કે અમારી કરતા પણ વિકલાંગ લોકો ઘણું સારું કામ કરી રહ્યા છે અને બ્રેઈલલીપીની પણ જાણકારી મેળવી હતી અને આ વિદ્યાર્થીઓ કેવીરીતે બ્રેઈલલીપીનો ઉપયોગ કરીને બોર્ડની પરીક્ષા આપે છે તેના વિશે જાણ્યું અને પછી ત્યાંથી વિકલાંગ લોકોની હોસ્પિટલને જોવા માટે ગયા તો જોયું કે જેઓ ડૉક્ટરને પણ શરમાવે તેવી રીતે દર્દીઓની સારવાર કરી રહ્યા હતા તે જોઈ અચંબામાં પડી ગયા. અહીં ફિઝીયોથેરાપી માટેના સાધનો અને X-ray મશીન વગેરે જોયું અને આ બધા સાધનો ચલાવવાની અંધ વ્યક્તિઓની પધ્ધતિ અને એમને એમના જીવન પાસે રહેલી અપેક્ષા અને કંઈક કરવાની છૂટવાની છુપી તમન્ના જે કંઈક અલગ શક્તિનો અમને અહેસાસ કરાવ્યો કે જે અમે ન તો IIM માં કે ન તો અમારા વર્ગખંડમાં પાઠ આપતી વખતે કરી શકીએ છીએ.

છેલ્લે અમે બધા અંધજન મંડળના મેદાનમાં ભેગા થયા અને ત્યાં પ્રિન્સીપાલ સાહેબ અને અમારા ગુરુજનોનો કે જેઓ અમને અહીં લઈ આવ્યા અને બતાવ્યું કે હાથ-પગ થી નહીં પણ ''બાળક અને માણસના મન, શરીર અને આત્માના ઉત્માંશોનું આવિષ્કારીકરણ એજ સાચી કેળવણી'' જે સાર્થક થાય છે.

આ બંને મુલાકાત સંસ્થાના આચાર્યશ્રી, અધ્યાપકો, વર્તમાન વર્ષના તાલીમાર્થીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સફળ બનાવી હતી.

ડૉ. તેજલ પંડિત
(પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર)

"સંધાન"

સંધાન એટલે (Gujarat Integrated Classroom) એ OCHE (Office at Commissioner Higher Education અને KCG (Knowledge Consortium of Gujarat) શિક્ષણવિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજીત એક નવવિચાર છે.

સંધાન દ્વારા નિષ્ણાંત વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. જેથી તેમના જ્ઞાન અને અનુભવનો લાભ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને મળી રહે.

સંસ્થા દ્વારા સમયપત્રકમાં બે તાસ સંધાનના કાર્યક્રમનાં પ્રસારણ માટે ફાળવવામાં આવ્યા છે. વિશેષમાં સંધાન દ્વારા પ્રસારિત વહીવટી કાર્યો અંગેના વ્યાખ્યાનનો લાભ કર્મચારીઓ, આચાર્યશ્રી તથા અધ્યાપકો દ્વારા લેવામાં આવે છે.

ડૉ. વિરલ બી. જાદવ અને ડૉ. તેજલબેન કો-ઓર્ડિનેટરની ભૂમિકા ભજવે છે. તેમના વિષયો –

ડૉ. વિરલ બી. જાદવ

(૧) અધ્યયન – અધ્યાપન તથા

(૨) શૈક્ષણિક પ્રૌદ્યોગિકી તથા શાખા વ્યવસ્થાપન

ડૉ. તેજલબેન પંડિત તેમનો વિષય શૈક્ષણિક મનોવિજ્ઞાન છે.

અધ્યાપક ઈન્ચાર્જ :
ડૉ. તેજલબેન પંડિત



❖ ઉદિશા ક્લબ ❖

ઉદિશા ક્લબની સ્થાપના ૨૧, જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ કરવામાં આવી હતી. ઉદિશા ક્લબના ઈન્ચાર્જ તરીકે પ્રો. આઈ.કે. મહેરિયા કાર્યભાર સંભાળે છે. ડૉ. વિરલ બી. જાદવ ઉદિશા ક્લબના ડિસ્ટ્રીક્ટ કો. ઓર્ડિનેટર તરીકે પણ ભૂમિકા ભજવે છે.

ઉદિશા ક્લબનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓને ભાવિ રોજગારીની તકો માટે સક્ષમ બનાવવાનો છે. આ માટે પ્રતિવર્ષ TAT અને TET ની તાલીમ વર્ગો તથા કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.

